## જન્મદિને વધામણી



ફાધર હેક્ટર પિન્ટો એસ જે
પ્રિન્સીપાલ, સેન્ટ ઝેવિયર્સ
હાઈસ્કૂલ, ગાંધીનગર
(૩૦-૮-૧૯૫૮) ફોન : ૨૩૨ ૨૧૪૩૧



કનૈયાલાલ માખીજાની
(૨૯-૮-૧૯૫૮)



ભદ્રશિલાબેન ત્રિવેદી
(૨૯-૮-૧૯૫૫) મો. ૯૪૨૮૬૦૬૬૮૩

ગઈકાલના અંકમાં જન્મદિને વધામણી કોલમમાં અમારી ભૂલને કારણે ખોટાં મુદ્રિત થયેલા હોદ્દા-ટેલિફોન નંબર્સ માટે દિલગીરી વ્યક્ત કરતાં એ સૌ વાચકોની ક્ષમા પ્રાર્થીએ છીએ, જેમનાં હોદ્દા-નંબર્સ ખોટાં મુદ્રિત થયાં હતાં. સાથે-સાથે આ બાબતે અમારું ધ્યાન દોરનાર વાચકો પ્રતિ આભારની લાગણી પણ વ્યક્ત કરીએ છીએ.

ગઈકાલે જેમના હોદ્દા, ટેલિફોન નંબર ખોટા મુદ્રિત થયા હતા એવા વાચકોના ફોટોગ્રાફ્સ આજે પુનઃ મુદ્રિત કરી તેમને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ પાઠવીએ છીએ.

- સંપાદક

## બ્રહ્માકુમારીઝ દ્વારા રક્ષાબંધન પર્વ ઉજવાયું



બ્રહ્માકુમારીઝ વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૩ ડી દ્વારા ગાંધીનગર નાગરિક સહકારી બૅન્ક તથા આંધ્ર બૅન્ક ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારીઝ દ્વારા બૅન્કના સઘળા કર્મચારીઓને રાખડી બાંધી તેમને શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગર પાલિકાના ડૅપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમને બ્રહ્માકુમારી સુનિતાદીદીના હસ્તે રાખડી બાંધવામાં આવી હતી.

### સદ્ગત નાગરિકોના આત્માની શાંતિ અર્થે

## સૌરાષ્ટ્ર કચ્છ સેવા મંડળ તથા જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ૧૨મી ઑગષ્ટે ભક્તિ સંગીત

ગાંધીનગર, તા. ૨૯

સૌરાષ્ટ્ર કચ્છ સેવા મંડળ તથા જુનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા આગામી તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ ભ ક્તિ સંગીતના એક અનોખા કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ આયોજન અનોખું એટલા માટે છે કારણ કે તે તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪થી તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ગાંધીનગર શહેરના રહેવાસી હોય એવા કોઈપણ મૃત નાગરિકના આત્માને શાંતિ મળે તથા તેમના પરિવારજનોને સાંત્વના મળે તે હેતુથી કરવામાં આવે છે.

ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે રાત્રે ૯ કલાકે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય કલાકાર તરીકે નગરના જાણીતા કલાકાર બિરેન પુરોહિત ઉપસ્થિત રહેશે.

પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર સી ઍલ મહેતાએ આ અંગેની એક અખબારી યાદીમાં શક્ય હોય તો આ સમયગાળા દરમ્યાન અવસાન પામેલા પરિવારજનનો એક પાસપૉર્ટ સાઈઝનો ફોટો નીચે જણાવેલ પૈકી કોઈ એક સરનામે તા. ૪ સપ્ટેમ્બર સુધીમાં મોકલી આપવા અપીલ કરી છે. (૧) સી ઍલ મહેતા, ૨૧૩/૨, સૅક્ટર-૨ એ, (૨) પાલાભાઈ, સૅક્ટર-૫, (૩) જીલુભા ધાંધલ, સૅક્ટર-૨૨, (૪) ભુપેન્દ્રભાઈ ગજ્જર, સૅક્ટર-૧૬, ગાંધીનગર.

## ઉત્સવપ્રિય અમદાવાદીઓએ ઉજવી અર્ધલશ્કરી દળોના જવાનો સાથે રક્ષાબંધન



અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારના નાગરિકોએ પોતાની સુરક્ષા માટે તૈનાત અર્ધલશ્કરી દળોનાં જવાનોને રાખડી બાંધીને રક્ષાબંધનની અનોખી ઉજવણી કરી હતી. રક્ષાબંધન પૂર્વે જ શહેરની શાંતિની જાળવણી અને શહેરીજનોની રક્ષા દ્વારા રાખડીનું મૂલ્ય ચૂકવનારા આ જવાનો પણ નાગરિકો તરફથી આવો ઉમળકો મળતાં ખુશખુશાલ થઈ ગયા હતા અને પોતાના ઘરથી દૂર રહેવાની તેમની લાગણી આ રીતે થોડી ઓછી થઈ શકી હતી.

## રક્ષાબંધનના પર્વ નિમિત્તે જિલ્લાકક્ષાનો રાખી મેળો

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકારની મહિલાઓના ઉત્થાન માટેની કટિબદ્ધતા ધ્યાને લઈ મહિલા સશક્તિકરણ અંગેના પ્રયત્નો વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે મિશન મંગલમ યોજના અંતર્ગત આગામી રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રાખડી અને રાખડી સંબંધિત ચીજવસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને સીધું બજાર મળી રહે તે હેતુથી ગાંધીનગર ખાતે રાખી મેળા અંતર્ગત સ્વસહાય જૂથો દ્વારા કુલ ૧૫ સ્ટોલનું આયોજન કરી તેઓની આજીવિકા વધારવાનો તથા તેઓને સ્વાવલંબી બનાવવાનો પ્રયાસ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરવામાં આવ્યો છે.

ગ્રામ હાટ, અક્ષરધામ મંદિર સામે, સૅક્ટર-૩૦, ગાંધીનગર ખાતે આ રાખી મેળો તા. ૨૭ ઑગષ્ટે આરંભાયો છે, જે તા. ૩૦ ઑગષ્ટ સુધી ચાલશે. સવારે ૮થી સાંજના ૭ વાગ્યા દરમ્યાન આ મેળાની મુલાકાત લઈ શકાશે.

## નરસિંહ મહેતા યુનિવર્સિટીનું બિલ પસાર

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકારે ગત બજેટમાં બે સરકારી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે કરેલી જાહેરાતના અનુસંધાને વિધાનસભા ગૃહમાં જૂનાગઢ ખાતે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થાપવાનું વિધેયક પસાર કરવામાં આવ્યું છે. વિધેયકને ગૃહમાં રજૂ કરતાં આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ભક્ત કવિ નરસિંહ મહેતાના સાહિત્યિક, સાંસ્કૃતિક વારસાથી તરબોળ કરતા ૨૨ હજાર જેટલાં કીર્તન અને પ્રભાતિયાંના અમૂલ્ય વારસાની સ્મૃતિ પુનઃ જીવંત થશે. રાજ્યમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થપાતાં જૂનાગઢ, પોરબંદર, ગીરસોમનાથ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાને આવરી લેતી કુલ ૯૩ કૉલેજોની નવી સૂચિત યુનિવર્સિટીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ નવી યુનિવર્સિટીની સ્થાપનાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે ૬ જિલ્લા અને સુચિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ૪ જિલ્લાની કૉલેજ સંલગ્ન રહેશે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.



સૂર્યનારાયણની ઉપાસના - શ્રાવણિ પૂનમની પાવન પ્રભાતે ભૂદેવો સામુહિક રીતે યજ્ઞોપવિત બદલી વૈદિક પરંપરા આજે પણ જાળવે છે... ગાંધીનગરમાં બ્રહ્મભવન ખાતે તો અમદાવાદમાં સાબરમતીના કિનારે રંગબેરંગી પિતાબંર ધારણ કરી યજ્ઞોપવિત બદલી ભગવાન સૂર્યનારાયણની ઉપાસના કરી હતી.

## તોફાનોમાં માર્યા ગયેલા વ્યક્તિઓ માટે આજે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં તાજેતરમાં ફાટી નીકળેલાં તોફાનોમાં મૃત્યુ પામેલા વ્યક્તિઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે એક શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન તા. ૩૦ ઑગષ્ટ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ઉમા હૉલ, સૅક્ટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. મૃતાત્માઓના પરિવારોને સાંત્વના પાઠવવા અને મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવવાના આ કાર્યક્રમમાં જોડાવા સૌ શાંતિપ્રિય નાગરિકોને કડવા પાટીદાર સમાજ વતી અપીલ કરાઈ છે. સાથે-સાથે વિવિધ સમાજની તમામ જ્ઞાતિના ભાઈ-બહેનો સાથે સદ્ભાવના બની રહે તે માટે પ્રાર્થના પણ કરવામાં આવી છે.

## અંબાજી પદયાત્રા સંઘની આજની સભા મુલતવી

ગાંધીનગર, તા. ૨૯

ભાદરવી પુનમના મેળામાં રાજ્યભરમાંથી આવતા પદયાત્રી સંઘોના મહામંડળ દ્વારા તા. ૩૦ ઑગષ્ટના રોજ અંબાજી ખાતે રાખવામાં આવેલી સામાન્ય સભા મુલતવી રાખવામાં આવી છે. ભાદરવી પુનમ સંઘ સેવા ટ્રસ્ટ, અમદાવાદના ટ્રસ્ટી નરેશભાઈ અને કનુભાઈ પટેલે અખબારી યાદી દ્વારા આ અંગે જણાવ્યું છે.

## 'આત્મન' ફાઉન્ડેશન દ્વારા ઝૂંપડવાસમાં રક્ષાબંધન ઉજવાઈ



ગાંધીનગર, તા. ૨૯

રક્ષાબંધનનો તહેવાર શહેરના છેવાડે આવેલો સમાજનો એક ભાગ પણ ઉજવે એવા ઉમદા હેતુથી 'આત્મન' ફાઉન્ડેશનના સભ્યોએ રેલવે સ્ટેશનને અડીને આવેલી ઝુંપડપટ્ટીના બાળકો વચ્ચે જઈને તહેવાર મનાવ્યો.

પછાત વિસ્તારના એ બાળકોના દિલમાં ખુશાલી આવે એ માટે આત્મનના સંસ્થાપક પ્રજ્ઞાબેન પટેલે ભેખ ધારણ કરેલો છે. એમાં નિવૃત્ત આઈએઍસ ઍચ બી વરિયા, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ અને મંત્રી સંજય તોરાત સાથે જયશ્રી ખેતિયા અને અન્ય સભ્યો જોડાયા હતા.

બાળકોને રક્ષાબંધનનું મહત્ત્વ સમજાવી, ગીતો ગવરાવી એમને બક્ષિશ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં. ઉપસ્થિત ૫૦થી વધુ બાળકોને રાખડી બાંધી, ભાઈ-બહેનના પ્રેમનું સિંચન કરવાની વાતો કરી હતી. દરેક બાળકને મોં મીઠું કરાવી એમનો રક્ષાબંધનનો તહેવાર ખુશખુશાલ કરી દીધો હતો. ઉલ્લેખનીય છે કે સમાજના છેવાડાના આર્થિક અને સામાજિક પછાત બાળકો વચ્ચે જઈને આત્મન ફાઉન્ડેશન દિવાળી, રક્ષાબંધન જેવા તહેવાર ઉજવવા ઉપરાંત અને શાળા પ્રવેશોત્સવ સમયે વિવિધ સહાય આપીને સમાજસેવાનું ઉત્તમ કામ કરે છે.

# ફૅન્ટમ : પ્રેક્ષકોનાં મન-હૃદય પર 'ખોપડી'ના ચિહ્ન જેવી છાપ જરૂર અંકિત થશે

બાળ ચિત્ર કથાઓ - કૉમિક્સમાં ફૅન્ટમ સૌથી લોકપ્રિય પાત્ર વર્ષોથી રહ્યું છે. સુપરમેન સ્ટાઈલના બ્લુ કલરના કોશ્ચ્યુમમાં સફેદ ઘોડા પર સવાર થઈને આવતો ફૅન્ટમ ફેસલેસ છે. ફૅન્ટમના ચહેરા પર માસ્ક છે. ફૅન્ટમ સાથે એક આલ્સેશિયન કૂતરો પણ હોય. એકલે હાથે ગુનેગારોનો ખાત્મો બોલાવતો ફૅન્ટમ જેના ચહેરા પર મુક્કો મારે તેના ચહેરા પર ખોપડીનું નિશાન પડી જાય... ફૅન્ટમ ક્યાંથી આવે, ક્યાં જાય એની કોઈને ખબર ન હોય. ભૂત અને ભવિષ્યની ભાળ વિનાનો ફૅન્ટમ... નાનપણમાં વાંચેલા કૉમિક્સની યાદ તાજી થઈ આવી... ! ફિલ્મ દિગ્દર્શક કબીર ખાનની ફિલ્મ ફૅન્ટમમાં સૈફ અલી ખાન ફૅન્ટમની માફક જ એકલે હાથે દુશ્મનોનો ખાત્મો બોલાવે છે. ફૅન્ટમ સાથે સફેદ ઘોડો હોય જ એમ હિન્દી ફિલ્મ હોય એટલે એક હિરોઈન પણ હોય જ, એટલે કેટરીના કૅફ છે. ભારતીય સેનામાંથી ભાગેડુના આરોપ સાથે હાંકી કઢાયેલો દનિયલ ખાન-સૈફ અલી ખાન પોતાના પરિવાર અને પોતાની જાત માટે પણ મૃત માની લેવાયેલી વ્યક્તિ છે. પોતાની ઓળખ ખોઈ બેઠેલો દનિયલ ખાન જાંબાઝ છે. ભારતીય ગુપ્તચર સંસ્થા - રૉ ઓળખ ગુમાવી ચુકેલા ફેસલેસ દનિયલ ખાનને દેશના દુશ્મનોનો ખાત્મો બોલાવવાની જવાબદારી સોંપે છે. આત્મસન્માન પાછું પ્રાપ્ત કરવા સૈફ અલી ખાન આ કામ સ્વિકારે છે અને એકલે હાથે દુશ્મોનો ખાત્મો બોલાવે છે... બિલકુલ ફૅન્ટમની માફક.

પાંચ-સાત નવલોહીયા છોકરડાઓએ મુંબઈ પર આતંકવાદી હૂમલો કર્યો અને ભારતનું મહાનગર મુંબઈ દિવસો સુધી બાનમાં રહ્યું. આતંકવાદી હૂમલાના માસ્ટરમાઈન્ડ્સ તો બીજા કોઈક હતા, જે હજુ પાકિસ્તાની ધરતી પર સહી સલામત સુરક્ષિત છે. ભારતની સરકાર અને સેનાની પહોંચથી બહાર છે. આતંકવાદની જડ જેવા આ માંધાતાઓ સુધી પહોંચવાની અને તેમનો ખાત્મો બોલાવવાની ફિલ્મ મેકર કબીર ખાનની કલ્પના 'ફૅન્ટમ' મુંબઈના પત્રકાર અને લેખક એસ. હુસૈન ઝૈદીના પુસ્તક 'મુંબઈ એવેન્જર્સ' પર આધારિત છે. 'ફૅન્ટમ'ની વાર્તા અને સ્ક્રીન-પ્લે પણ એસ. હુસૈન ઝૈદી સાથેના સતત પરામર્શથી લખાયા છે. એક્શન થ્રીલર જાસૂસ કથા 'ફૅન્ટમ' વિષે વાત કરીએ તે પહેલાં એસ. હુસૈન ઝૈદી વિષે જાણવામાં તમને વધુ રસ પડશે...

મુંબઈમાં 'ધી એશિયન એજ', 'ઈન્ડિયન એક્સપ્રેસ' અને 'મુંબઈ મિરર' જેવા છાપાઓમાં ક્રાઈમ બીટ સંભાળી ચુકેલા એસ. હુસૈન ઝૈદી સંશોધનશીલ પત્રકાર અને લેખક છે. મુંબઈ અને માફિયા એમના તીવ્ર શોખ અને રસનો વિષય રહ્યા છે. 'ધ એશિયન એજ'ના નિનવાસી તંત્રી રહી ચુકેલા હુસૈન ઝૈદીએ મુંબઈના ક્રાઈમ, અન્ડરવર્લ્ડ અને માફીયા વિષે સંશોધન કરીને ઘણું લખ્યું છે. છાપામાં લખતાં-લખતાં તેમણે આ વિષય પર જ સત્ય ઘટના પર આધારિત જ અનેક પુસ્તકો લખ્યાં છે. ૧૯૯૩માં મુંબઈમાં ૧૩ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા, જેમાં ૨૫૦ લોકો માર્યા ગયા હતા. હુસૈન ઝૈદીએ આ ઘટના પર 'બ્લેક ફ્રાઈડે' પુસ્તક લખ્યું હતું. દિગ્દર્શક અનુરાગ કશ્યપે આ પુસ્તક પરથી 'બ્લેક ફ્રાઈડે' નામની ફિલ્મ બનાવી હતી. હુસૈન ઝૈદીના પુસ્તક 'ડૉંગરી ટુ દુબાઈ-મુંબઈ માફિયાના છ દાયકા' પરથી સંજય ગુપ્તાએ 'શૂટ આઉટ એટ વડાલા' ફિલ્મ બનાવી હતી, અને હવે ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હૂમલા પર તેમણે લખેલા પુસ્તક 'મુંબઈ એવેન્જર્સ' પરથી કબીર ખાને 'ફૅન્ટમ' બનાવી છે. આ ઉપરાંત 'માફીયા ક્વીન્સ ઑફ મુંબઈ', 'માય નેઈમ ઈઝ અબુ સાલેમ', 'હેડલી એન્ડ આઈ' અને 'ભાયખલ્લા ટુ બેંગકોક' જેવી બૂક્સ લખનાર નિડર પત્રકાર-લેખક એસ. હુસૈન ઝૈદીનું એકવાર ઈરાકમાં અપહરણ પણથઈ ગયું હતું. માંડ-માંડ છૂટેલા એસ. હુસૈન ઝૈદીએ એ પછી પણ નિડરતાપૂર્વક લખવાનું નથી છોડ્યું.



એસ. હુસૈન ઝૈદી એક મુસ્લિમ તરીકે આતંકવાદ અને મુંબઈના માફીયા વિષે લખે એ વિશેષ રસપ્રદ અને રોમાંચક લાગે. ફોર ધેટ મેટર 'ફૅન્ટમ' સાથે સંકળાયેલી સર્જનશીલ ટીમના મોટાભાગના સભ્યો પણ મુસ્લિમ છે. દિગ્દર્શક કબીર ખાન, લેખક કોસર મુનિર, સ્ક્રીન-પ્લે રાઈટર પરવેઝ શેખ, એડીટર આરીફ શેખ અને 'ફૅન્ટમ' સ્વયં સૈફ અલી ખાન પણ... આ ટીમે 'ફૅન્ટમ' બનાવી. પાકિસ્તાનના સેન્સર બોર્ડે આ ફિલ્મ જોયા વિના જ તેના પર બાન મુકી દીધો છે. કારણ કે મુંબઈના ૨૬/૧૧ના હૂમલાના ચાર માસ્ટર માઈન્ડ - હાફિઝ સઈદ, ઝાકીર-ઉર-રહેમાન લખી, ડેવિડ હેડલી અને સાજીદ મિર મૂળ પાકિસ્તાનના છે. ફિલ્મમાં આપણો 'ફૅન્ટમ' સૈફ અલી ખાન આ ચારેય વ્યક્તિઓ સુધી




પહોંચીને તેમનો ખાત્મો બોલાવે છે... 'ફૅન્ટમ' જોતી વખતે પણ તમને પળેપળ રોમાંચ અને થ્રીલનો અનુભવ ચોક્કસ થાય જ છે.

દિગ્દર્શક કબીર ખાનનો આપણે બે મહિનામાં બીજી વાર માણી રહ્યા છીએ. એમની 'બજરંગી ભાઈજાન' રૂા. ૩૦૦ કરોડથી પણ વધુ નાણા રણી ચુકી છે. કબીર ખાન માટે પણ પાકિસ્તાન અને આતંકવાદ હંમેશા રસ અને રોમાંચના વિષય રહ્યા છે. ૨૪ વર્ષની વયે ડીસ્કવરી ચેનલ માટે 'બિયોન્ડ ધી હિમાલયા' જેવી ડોક્યુમેન્ટરી અને ૧૯૯૯માં સુભાષચંદ્ર બોઝની ડોક્યુમેન્ટરી ફિલ્મ 'ધી અનફરગોટેબલ આર્મી'થી કારકિર્દીની શરૂઆત કરનાર કબીર ખાને ૨૦૦૬માં 'કાબુલ એક્સપ્રેસ' ફિલ્મથી મેઈન સ્ટ્રીમ સિનેમામાં પગ મુક્યો. ૨૦૦૯માં 'ન્યુયોર્ક' અને ૨૦૧૨માં 'એક થા ટાઈગર'... આ બધી જ ફિલ્મોમાં કબીર ખાનનો મુખ્ય વિષય આતંકવાદ અને જાસૂસી રહ્યો છે. 'બજરંગી ભાઈજાન' પણ પાકિસ્તાની પાશ્ચાદભૂમાં બનાવી... 'ફૅન્ટમ' પણ આ જેનરની તેમની વધુ એક ફિલ્મ હોવાથી સ્વાભાવિક જ તેમની માસ્ટરી અનુભવાય છે. કબીર ખાન મૂળ પોતે સિનેમેટોગ્રાફર-કેમેરામેન છે એટલે ટેકનીકલી જોઈએ તો 'ફૅન્ટમ'નું સૌથી સશક્ત પાસું તેની સિનેમેટોગ્રાફી છે. અલબત્ત, 'ફૅન્ટમ'મમાં સિનેમેટોગ્રાફીની ક્રેડીટ તેમણે અસીમ મિશ્રાને આપી છે. સૈફ અલી ખાનના સંયમિત અભિનય અને સહ-જાસૂસણી કેટરીના કૅફની ખૂબસુરત હાજરીથી 'ફૅન્ટમ' એક મજબૂત ફિલ્મ બની છે. 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' અને 'રાંઝણા' જેવી ફિલ્મોના નાના-નાના રોલ અને છેલ્લે 'ઑલ ઈઝ વેલ'માં વિલનના મોટા રોલમાં દેખાયેલા અભિનેતા મોહમ્મદ ઝીશાન ઐયુબ પણ 'ફૅન્ટમ'માં રૉના એક ઓફિસર તરીકે નોંધપાત્ર છે. રૉના વડા તરીકે બંગાળી અભિનેતા સવ્યસાચી મુખર્જી પણ પ્રેક્ષણીય છે. સૈફ અલી ખાન અને કેટરીના કેફ એક અલગ-આગવો ચાહક વર્ગ ધરાવે છે. પોતાના અભિનયની વિશેષતા અને પર્સનાલિટીની ખાસિયતથી આ બંને પોતાના પ્રેક્ષકવર્ગને પકડી રાખવામાં સફળ થયા છે. 'ફૅન્ટમ'નું સૌથી નોંધપાત્ર પાસું તેના લોકેશન્સ છે. કબીર ખાને 'ફૅન્ટમ'માં જેને સિરિયા તરીકે રજૂ કર્યું છે, તે લેબેનોનનું બૈરૂત છે. બૈરૂતમાં પાકિસ્તાન આર્મીની હૉસ્પિટલ અને રેફ્યુજી કેમ્પનો સૅટ એવો આબેહૂબ હતો કે શૂટીંગ વખતે લેબેનીઝ લશ્કરના વિમાનો વૉચ રાખતા હતા. ઈન્ટરવલ પછીની ફિલ્મમાં પાકિસ્તાનના જ દશ્યો છે. જે પાકિસ્તાન આ ફિલ્મને જોયા વિના જ બાન મુકે એ પાકિસ્તાને આ ફિલ્મના શૂટીંગ માટે કઈ રીતે પરવાનગી આપી હશે એવો પ્રશ્ન તમને અવશ્ય થશે જ...! પરંતુ આપને જણાવી દઉં કે 'ફૅન્ટમ'માં પાકિસ્તાની શહેર-બજાર-ગલીઓ અને મહોલ્લા તરીકે દર્શાવાયેલું એ શહેર આપણા પંજાબનું માલેર કોટલા ટાઉન છે. પાકિસ્તાન જેવું દેખાડવા માલેર કોટલાની શેરીઓ-બજારોમાં દુકાનોના બોર્ડ પણ ઉર્દુ ભાષામાં ચીતરી નાખ્યા હતા. ધજા-પતાકાઓ અને પોસ્ટરોથી પંજાબમાં આબેહૂબ પાકિસ્તાન ખડું કરાયું છે. આ માટે આર્ટ ડાયરેક્ટર અને કબીર ખાનને અભિનંદન આપવા જ પડે.

'ફૅન્ટમ'નું ગીત 'અફઘાન જલેબી...' હીટ નહીં, સુપરહીટ થવા જઈ રહ્યું છે. 'ફૅન્ટમ'ના પ્રમોશનમાં આ ગીતનો સિંહફાળો છે. ભારતીય કવિ અમિતાભ ભટ્ટાચાર્યએ આ ગીત લખ્યું છે. 'અફઘાન જલેબી, માશૂક ફટેલી, ઘાયલ હૈ તેરા દિવાના ભાઈ વાહ.. બંદૂક દીખા કે, ક્યા પ્યાર કરેગી, ચહેરા ભી કભી દિખાના ભાઈ વાહ...' આ ગીત પાકિસ્તાની ગાયક સઈદ અશરાર શાહે ગાયું છે. સંગીતકાર પ્રિતમે અશરારને આપણા કોક સ્ટુડિયોમાં સાંભળ્યા હતા. પ્રિતમે પાકિસ્તાનમાં અશરારનો સંપર્ક કરીને પહેલીવાર તેમને બોલીવૂડમાં ચાન્સ આપ્યો છે. પ્રિતમે પણ પશ્ચિમ પાકિસ્તાની પશ્તુની અને સૂફી છાંટથી આ ગીતને યાદગાર અને મસ્ત બનાવ્યું છે. ગત શુક્રવારે રિલિઝ થયેલી 'ફૅન્ટમ' રૂા. ૫૫ કરોડના ખર્ચે નિર્માણ પામી છે. રિલિઝના પહેલા દિવસે આ ફિલ્મે રૂા. ૭.૭૫ કરોડ જેટલો વકરો કર્યો છે. એટલે આ અઠવાડિયામાં આ ફિલ્મ ખર્ચો તો કાઢી જ લેશે પરંતુ સો કરોડ ક્લબ કે એવી કોઈ ક્લબની સભ્ય બની શકશે કે કેમ તે શંકા છે. પરંતુ કબીર ખાનની ફિલ્મ 'ફૅન્ટમ' એક્શન પૅક્ડ સીન્સ અને ખરેખર થ્રીલીંગ અનુભૂતિ કરાવતી પ્રસ્તુતિને કારણે પ્રેક્ષણીય ચોક્કસ છે. જેમ્સ બોન્ડ પ્રકારની ફિલ્મોના ચાહક હોય એવા પ્રેક્ષકોને આ એક્શન થ્રીલર જાસૂસ કતા અવશ્ય ગમશે. બાકી માત્ર મનોરંજન માટેની આ ફિલ્મ નથી. 'ફૅન્ટમ' જોઈને સિનેમા હોલની બહાર નિકળતા પ્રત્યેક પ્રેક્ષકના મન પર 'ફૅન્ટમ'ની ખોપડીના ચિહ્ન જેવી અસર અવશ્ય રહેશે ...!!!